वर्ष-२/१ 29 15

जटाजूटः शरणम्।

# श्रीमद् भगवद् गीता ।

## अध्याय ७

### श्लोक ९ [ચાલુ] 3

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

अन्वय :– पृथिव्यां पुण्यः गन्धः च विभावसौ तेजः अस्मि च सर्वभूतेषु जीवनं च तपस्विषु तपः अस्मि ।

शब्दार्थ :–પૃથ્વીમાં પવિત્ર ગંધ તથા અગ્નિમાં તેજ હું છું અને સર્વ પ્રાણીઓમાં જીવન (છું) અને તપસ્વીઓમાં તપ હું છું.

( પરમ પૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચન ઉપરથી )

બહુ દહાડા થયા આ શ્લોક આપણે વાંચીએ છીએ. ગીતાના શ્લોકનો કંટાળો આવતો નથી. આવવો ન જોઇએ. આ જીવન વિકાસ નો તાળો છે. ગીતાના શ્લોકનો કંટાળો આવે તો સમજવું કે મુકામ હજી દૂર છે.

જવિનં સર્વભૂતેષુ અને તપશ્ચાસ્મિ તપસ્વિષુ આ બે વાતો આજે જોઈશું.

ભગવાન કહે છે કે સર્વ ભૂતોમાં જે જીવન છે તે હું છું. જીવન એટલે જે હાલતું ચાલતું જીવન છે તે હું છું. જીવન મડદા જેવું પણ હોય. પરંતુ તે જીવન ભગવાનની વિભૂતિ નથી. જીવન એટલે સત્વ. ભૂતમાત્રમાં રહેલું જે સત્ત્વ છે તે હું છું એમ સમજ.

विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधिः
विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।

**तथाप्येको रामः सकलमवधीराक्षसकुलं**
**क्रियासिद्धिः सत्वे वसति महतां नोपकरणे ।**

આ જ સત્ત્વ છે. જીવંત જીવન છે. લંકા જીતવી છે. દરિયો ઓળંગવાનો છે. સામે લડવાવાળો રાવણ છે. તે શસ્ત્રથી સજ્જ છે.

આપણા માણસોમાં સહાય કરવાવાળા વાંદરાઓ છે. પણ એકલો રામ રાક્ષસોનો વિધ્વંસ કરીને સિદ્ધિ મેળવે છે. સિદ્ધિ સાધનો ઉપર અવલંબતી નથી. પરંતુ તમારામાં સત્ત્વ કેટલું છે તેના ઉપર આધારેલી છે.

જીવન એટલે ભગવાન છે જ. પરંતુ આ સર્વભૂતોમાં વિશેષ પ્રકારનું જીવન, જીવંત જીવન છે. તે પ્રભુને લીધે છે. જીવંત જીવનથી સત્ત્વ નિર્માણ થાય.

માણસોના અંતઃકરણમાં સત્ત્વ હોવું જોઇએ. આ ભગવદ્‌શક્તિનું વિટામિન (vitamin) છે. વિટામિન બી (vitamin 'B') એટલે બ્રહ્મ. વિટામિન 'બી' (vitamin B) ની અછત હોય તો આપણે દીન, દુબળા, લાચાર અને હલકા થઇએ. વિટામિન 'બી'થી દીનતા અને લાચારી જાય. હમણાં તો લોકોને વિટામિન 'એમ' (vitamin 'M') જોઇએ. વિટામિન 'એમ' (vitamin M) એટલે 'Money' પૈસા. બધાને પૈસાથી જ સુખ મળે છે. બધાને લાગે છે; પરંતુ પૈસા-વાળા લોકો હંમેશાં ડરતા હોય છે.

બહુ દહાડા થયા. લગભગ દસ પંદર વર્ષ પહેલાંની આ વાત છે. એક કરોડપતિની જોડે વાતો ચાલતી હતી. ત્યારે મેં કહ્યું કે હું જેટલો સુખી છું તેટલા તમે નથી. કારણ લાંબા ટાંટીયા કરીને સૂઈ જાઉં કે તરત મને ઊંઘ આવે છે. તમને કોઈ દિવસ આવી રીતની ઊંઘ આવે છે? કઠણ છે. પરંતુ તેનું કારણ છે. 'એમ' વિટામિન ('M' vitamin) શક્તિ નિર્માણ કરતું નથી. પરંતુ શક્તિ ક્ષીણ કરે છે. વિટામિન 'બી' એટલે બ્રહ્મ લો તો શકિત આવશે. આ ટીકડીની અસર જરૂર થશે.



આ વિટામિન 'બી' બ્રહ્મની ટીકડી એટલે સ્વાધ્યાય–સ્વાધ્યાયની ટીકડી રોજ ન લેવાય તો અઠવાડિયામાં એક દહાડો લેવાની. તે પણ ન લેવાય તો પખવાડિયામાં એક દહાડો. આ બ્રહ્મની ટીકડી લેવી જોઇએ. બ્રહ્મથી સત્ત્વ નિર્માણ થાય. તેનાથી માણસ ક્ષુદ્ર, હીન, દીન, દુબળો અને લાચાર ન રહે.

આત્માનો અનુસ્યૂત પ્રવાહ ચાલે છે. તેમાંથી લાચારી અને દીનતા ગઈ અને બાકી જે રહે તે સત્ત્વ, લોકો કહે કે યાજ્ઞવલ્કયમાં સત્ત્વ હતું. ઋષિઓ કહે કે રામમાં સત્ત્વ હતું. પરંતુ સત્ત્વ એટલે શું? આત્મિક પ્રવાહ ઉપરની લાચારી અને દીનતા ગયા બાદ બાકી જે રહે તે સત્ત્વ.

લાચારી કયારે જશે? આ જગતનો હું માલિક થઇશ ત્યારે. આપણને ભોગ જોઈએ કે લાચારી આવી જ સમજો. રામા–ઘાટીને કહે કે 'પાણી લાવ'–પરંતુ રામો કહે કે 'પાંચ મિનિટ પછી–' ત્યારે ભાઈ કહે કે 'ઠીક બાપા.' રામા–ઘાટીને બાપા કહેવો પડે. આ રામા-ઘાટીની શકિત જબરદસ્ત છે. જન્માષ્ટમીને બીજે દિવસે કોઇને ઘરે જશો તો તેનું મોઢું પડી ગએલું હશે. કારણ કે રામો ઘાટી ગેરહાજર છે. આખા ઘરમાં આ રામો ચૈતન્ય લાવે. બધાની દોડધામ ચાલતી હોય. કારણ રામો નથી આવ્યો. તમે એક વખત ભોગનો વિચાર કર્યો કે લાચારી આવી જ સમજો. જગતમાં આવ્યા એટલે લાચારી આવે જ. પરંતુ જગતના માલિક થયા કે આ લાચારી જાય. સત્ત્વથી માલિકી આવે.

પોતાના જીવનનો હું માલિક છું આમ લાગવું જોઇએ. આપણે આપણા જીવનના માલિક નથી તેથી જ કામના–વાસના આપ-ણને નચાવે છે. માણસ ભણેલા અને શકિતશાળી હશે તો પણ તેમને કામના–વાસના નચાવે. પોતાના જીવનનો માલિક થવું આ જુદી વાત છે.

જેમ હું મારો માલિક છું–તેવી જ રીતે હું જગતનો માલિક છું. હું પહેલાં મારો માલિક થાઉં તો જગતનો માલિક થઇ શકું. હું

કહ્યું તો જગતે મારૂં માનવું જ જોઈએ. તો પછી વશિષ્ઠે કેમ કહ્યું નહિ? આ સંતો–મહાપુરૂષો જગતને કહે નહિ આ તેમનો સંયમ છે. આ મહાત્માઓ પાસે શકિત હોય પણ તેઓ વધારે વાપરે નહિ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હોત કે 'તું લડ' તો અર્જુનની શું તાકાત હતી કે તે ના કહે? પણ શ્રીકૃષ્ણે તેમ કહ્યું નહિ. તે એમનો સંયમ છે. તેથી જ તેમણે અર્જુનને ગીતા સંભળાવી. અને કહ્યું કે **यथेच्छसि तथा कुरु ।–**

કેવળ જગતના માલિક થઈને નથી ચાલતું. જગદીશના માલિક થાય તો જ લાચારી જાય. લાચાર માણસને બધાને ઘેરે દોડવું પડે. જેમનું મોઢું જોવું ન જોઈએ તેમના પગ પકડવા પડે. લાચાર માણસનું આટલું અધઃપતન થાય.

હું જો મારો માલિક હોઉં તો જગતનો માલિક થાઉં. તેમાં ચંદ્ર, સૂર્ય અને ગ્રહો પણ આવ્યા, લોકો આવ્યા. આમ છતાં આટલું પૂરતું નથી. હું જગદીશનો માલિક છું. શાસ્ત્રીજી! આ તમારૂં બોલવું બહુ વધારે પડતું છે. પણ ખરૂં કહું. ભગવાનને પણ તે લોકો દોડાવે તેમ દોડવું પડે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય કહે કે............

**सत्यऽपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्.**

આ લોકો હુકમ (order) કરતા નથી આ જુદી વાત છે. તેમનો એ સંયમ છે. નહિ તો ના પાડવાની ભગવાનની પણ તાકાત નથી.

प्रह्लाद नारद पराशर पुण्डरीक
व्यासांबरीष शुक शौनक भीष्मदाल्भ्यान् ।
रुक्मांग दार्जुन वशिष्ठ विभिषणादीन्
पुण्यान् इमान् परमभागवतान्स्मरामि ॥

એમની ઇચ્છા, આજ્ઞા ઓળંગવાની ભગવાનની શકિત નથી. આ બધા ભગવાન પાસેથી ધાર્યું કરાવે. એમની ભાષા જરા જુદી હોય. જેમ ધણિયાણી પોતાને બોલે દાસી. પણ તે ઘરની માલકણ હોય. જૂના કાળનાં બૈરાંઓ કાગળમાં લખે કે 'તમારી દાસી'. હમણાં



બૈરાંઓ તેવું લખતાં નથી. પણ તે લખે દાસી, અને હોય માલકણ. આવી રીતે ભકતો કહે કે ભગવાન તારો દાસ છું. પણ તે હોય માલિક. ફકત તેમની હુકમ (order) કરવાની ભાષા જુદી. ધણિયાણીને ખાત્રી હોય; પણ તે હુકમ ન કરે. દરવાજાની પાસે ઉભી રહી, મોઢામાં છાયલનો છેડો નાખી હળવે જ કહે કે 'આવું કરશો? એનો અર્થ એ કે આવું કરો જ. પણ તેની ભાષા જુદી જ છે. આ ભકતો પણ ભાષા જુદી બોલે. પણ ભગવાને તેવું કર્યે જ છુટકો છે. કારણ ભકતો જગદીશના માલિક છે.

હું જગદીશનો માલિક છું આ કલ્પના ન હોય તો ભગવાન પાસે લાચારી આવી જાય. લાચારીમાં સત્ત્વ નહિ. લાચારી ભગવાનને ગમતી નથી. જ્યારે માણસ જગદીશનો માલિક થાય ત્યારે પૂર્ણતઃ લાચારી ગઈ એમ સમજો. આવો માણસ જગતમાં ફરે તો લાચાર નહિ. કોઈની કૃપા નહિ, તે નાચે, કૂદે અને સુખ અને દુઃખ બન્ને અનુભવે, પણ તે જગદીશનો માલિક છે.

માલિક થયા વગર લાચારી જતી નથી અને પૂર્ણ થયા વગર દીનતા જતી નથી. આત્મિક પ્રવાહ ઉપરથી લાચારી અને દીનતા જાય અને બાકી રહે તે સત્ત્વ.

જેમણે જીવનશકિત ખિલાવી ત્યાં સત્ત્વ છે. કારણ ભગવાન ત્યાં કાયમનો વસવાટ કરે. સર્વભૂતોમાં પ્રભુ વસવાટ કરે છે. પણ જ્યાં લાચારી અને દીનતા ગઇ ત્યાં સત્ત્વ હોય. અને જ્યાં સત્ત્વ હોય ત્યાં ભગવાન કાયમનો વસવાટ કરે. જેમના હાથમાં સત્ત્વ, ત્યાં તું મને ઓળખ એમ ભગવાન કહે છે. તેથી જ તો ભગવાન પાણિનિ, ભગવાન વશિષ્ઠ, ભગવાન પતંજલિ અને ભગવાન વેદવ્યાસ. કારણ આ બધા હવે માણસો રહ્યા નહિ. જે પોતાના માલિક હોય તે જગતના માલિક થાય, અને તે વિશ્વંભરના માલિક થાય, વિશ્વંભરના માલિક થવું આ ગળ્યું રૂપ છે. જગતના માલિક થવું એમાં મોટાઈ નથી પણ જગદીશના માલિક થવું એ જ ખરૂં છે.

મૂર્ખાના માલિક થવું તેના કરતાં ડાહ્યાના દાસ થવું આમાં

મજા છે. આટલું જ નહિ ડાહ્યાના દાસ થવું તેના કરતાં મૂર્ખાના માલિક થવું એ કઠણ છે. અમથાલાલ, ફોકટલાલને પોતાના તાલે નચાવવું એ જીવનનું ધ્યેય ન હોવું જોઇએ. કોઈને નચાવવાનો જ હશે તો મુરલીધર બેઠો છે. તેને નચાવો. ગોકુળની ગોપીઓએ થોડી છાશ માટે એને નચાવ્યો. વાસ્તવિક તેના ઘરે હજારો ગાયો હતી, પણ ગોપીઓ પાસે તે થોડી છાશ માટે નાચ્યો. આ ગોપીઓએ તેને ચોકલેટ પણ આપી નહિ. પણ તેમણે ભગવાનને નચાવ્યો. અને ભગવાન નાચ્યા.

પૂર્ણ બનીને જે માલિક થયા. એ સત્ત્વ કોઇપણ ભૂતમાં હશે; પછી ભલે તે બ્રાહ્મણ હશે કે શૂદ્ર હશે. પણ તે ભગવાન જ કહેવાય. તેમને ભગવાન યાજ્ઞવલ્કય, ભગવાન પાણિનિ-ભગવાન પતંજલિ. તેનું કારણ ત્યાં સાક્ષાત્ ભગવાન વસે છે. તેથી જ ભગવાન કહે છે કે **जीवनं सर्व भूतेषु.**

પછી ભગવાન કહે છે તપસ્વી લોકોમાં જે તપ છે તે મારી વિભૂતિ છે. ધ્યેયને માટે, પ્રભુને માટે ઘસાઈ જવું તેનું નામ તપ. આપણે પણ ઘસાઇ જઇએ પણ તે આપણું તપ નથી. ટોલસ્ટોયે એક ઠેકાણે કહ્યું છે કે જીસસ ક્રાઇસ્ટે જે દુઃખ ભોગવ્યું તેના કરતાં વધારે દુઃખ પ્રત્યેક સંસારી ભોગવે જ છે. છતાં પણ અમારૂં કૌતુક થતું નથી. પણ જીસસ ક્રાઈસ્ટનું કૌતુક થાય છે.

બબલા, બબલી માટે બધા ઘસાઈ જાયં છે પણ તે એમનું તપ નથી. તેનાથી તે ઘરડો થાય છે. ઘસાઈ જાય છે. પણ તે વૃથા થતો નથી. કોઈ તત્ત્વ, ધ્યેય, કે ભગવાનને માટે ઘસાઇ જાય તો એનું તે તપ છે. અને તે મારી વિભૂતિ છે એમ ભગવાન કહે છે.

તપની શરૂઆતથી તે ભગવાનનો થાય અને છેવટે તપથી ભગવાન થવાય. તપ અને શીલ આ બે વાતો છે.

બાર વર્ષનું તપ ગણાય. બાર વર્ષ પછી સિંહાવલોકન કરો તો તમારા બાર વર્ષ પહેલાંના વિચારો તમને ખટકા લાગશે. એક ભાઈએ એક લેખકને કાગળ લખી તેની પાસેથી તેનો જુનો લેખ જોયો ત્યારે તેને લાગ્યું કે હું આટલું હલકું લખાણ લખતો હતો! આમ બાર વર્ષ પહેલાંના આપણા વિચારો આપણને પોતાને પણ ખટકા લાગે. તપનું આ ફળ છે.



તપમાં શક્તિ છે. ગિરિકુંજરોમાં માણસનો અહંકાર ખલાસ થાય. જંગલમાં રહીને ઋષિઓ તપશ્ચર્યા કરતા હતા. તેનું કારણ સમાજમાં માણસનો અહંકાર વધે. જંગલમાં રાજા મરે તો પણ જીવન વ્યવહાર અટકતો નથી. ત્યાં શોક સભા નહિ. રજા (holiday) નહિ. રાજા મરે કે કોઈ પણ મરે તો પણ જંગલમાં ફૂલો ખીલવાના, પક્ષીઓ કિલકિલાટ કરવાનાં. પરંતુ સમાજમાં નગરશેઠ મરે તો રજા. તેમાં અહંકાર વધે તેથી જ જુના કાળમાં અમારા ઋષિઓ જંગલમાં રહેતા હતા. તપમાં અહંકાર ચાલ્યો જાય. સમાજમાં માણસને લાગે કે 'હું કેટલો મોટો'? હું મરીશ તો સ્કૂલમાં રજા પડશે. કારણ મેં સ્કૂલમાં દાન (Donation) આપ્યું છે. સ્કૂલ બંધ રહે. કારણ કાયદો છે. તેમાં પ્રેમ નહિ-કંઈ નહિ.

જંગલમાં અહંકાર જાય. તપ કરવાથી અહંકાર જાય. તપસ્વી અને જ્ઞાનીમાં ફરક છે. તપસ્વી આ પહેલી પગથી છે. ત્યાર પછી જ્ઞાની થવાય. નિરહંકારી થયા વગર વિકાસ નહિ. તપથી અહંકાર નીકળી જાય. તપસ્વી થાય તો અહંકાર ચાલ્યો જાય અને માણસ જ્ઞાની બને કે તેનો અહંકાર વધે. તેમાં 'હું ભગવાનનો છું' અને પછી ભગવાન છું. તેમાં ભાવાવસ્થા છે. **रुद्रसूक्त** વાંચ્યું છે? તેમાં **चमक** અને **नमक** છે. **नमक**માં નમસ્કાર છે. અને **चमक**માં તે વિશ્વ જેટલો વ્યાપક થઇ ગયો છે. તેને બધું જોઇએ. તેથી બધું માગે છે. **मृत्तिकाश्चमे** તેને બધું જોઇએ. તેને પથરા જોઇએ. ચોખા જોઇએ. બધું મને આપ એમ માગ્યું છે. તેને **चमक** કહે છે. બીજું **नमक** છે. આમાં નમસ્કાર છે. **चमक** અને **नमक** બન્ને હોય તો કિંમત છે.

કેટલાક **नमकशास्त्री** હોય અને કેટલાક **चमकशास्त्री** હોય, આ ન ચાલે. બન્ને સાથે હોવા જોઇએ.

આમ તપથી અહંકાર જાય અને જ્ઞાનથી અહંકાર વધે. તેનો અહંકાર વિશ્વવ્યાપી થાય છે. તે મહાન છે.